census
2021

# 2021ની વસ્તી ગણતરીમાં ભાગ લેવા માટે દરેક જણને મદદ કરવી

**વસ્તી ગણતરી માર્ચ 2021માં કરવામાં આવી રહી છે. આમાં ભાગ લઈને અને તે માટે બીજાંને પણ પ્રોત્સાહિત કરીને તમને અને તમારા સમાજને આવશ્યક સેવાઓ મળી રહે છે તેની ખાતરી કરવામાં તમે મદદ કરશો.**

# વસ્તી ગણતરી એટલે શું?

વસ્તી ગણતરી એટલે દર 10 વર્ષે કરવામાં આવતો સર્વે છે અને તેનાથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રહેતાં તમામ લોકો અને કુટુંબોનું અમને ચિત્રણ મળે છે.

દર વર્ષે કરોડો પાઉન્ડ્સ સેવાઓ પર કેવી રીતે વાપરવા તેના નિર્ણયો લેવા માટે સ્થાનિક કાઉન્સિલો, ધર્માદા સંસ્થાઓ તેમજ બીજી ઘણી સંસ્થાઓ વસ્તી ગણતરીની માહિતીનો ઉપયોગ કરે છે.

આમાં પરિવહન, શિક્ષણ તેમજ આરોગ્ય સંભાળની સેવાઓ પર થતા ખર્ચાનો પણ સમાવેશ થાય છે. આ પૈસાની જ્યાં સૌથી વધારે જરૂર હોય ત્યાં તે વાપરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે, વસ્તી ગણતરીમાં દરેક જણની ગણતરી કરવાનું અગત્યનું છે.



# તમારો ટેકો અગત્યનો છે

અમે સમજીએ છીએ કે સમાજો સાથે સારા સંબંધો વિકસાવવાથી વધારે લોકો વસ્તી ગણતરીમાં ભાગ લેવા ઈચ્છશે.

અમે એ પણ સમજીએ છીએ કે તમારા સમાજને તમારા કરતાં વધારે સારી રીતે બીજું કોઈ જાણતું નથી. વિશ્વાસુ સ્થાનિક આગેવાનો તેમજ સામાજિક પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવતો ટેકો એ લોકોને આમાં ભાગ લેવામાં મદદ કરવા માટે અત્યંત અગત્યનો રહેશે.

# સામાજિક કડીઓ સ્થાપવી

2021ની વસ્તી ગણતરી માટે બને તેટલા વિસ્તૃત સમાજો સુધી પહોંચવામાં અમને તમારી મદદની જરૂર છે.

અમારા સ્થાનિક કમ્યૂનિટી એન્ગેજમેન્ટ કર્મચારીઓ સમગ્ર વસ્તી ગણતરીની પ્રક્રિયા દરમ્યાન સંસાધનો, સલાહ તેમજ વ્યવહારૂ સહાયતા સાથે ઉપલબ્ધ હશે જે ભાગ લેનારાં દરેકને મદદ કરી શકશે.



# જાણકારી

તમારા સમાજના રસ તેમજ તેની સમક્ષના પડકારો વિશેની તમારી પાસે અનોખી જાણકારી છે. આ જાણકારીથી દરેક જણને ભાગ લેવામાં મદદ કરી શકે તેવી સહાયતાનું આયોજન અમે કરી શકીશું.

# જાગૃતિ

સમાજ સાથેની તમારી કડીઓથી અમને વસ્તી વગણતરી અને તે દરેક જણ માટે શા માટે અગત્યની છે તે વિશે જાગૃતિ ફેલાવવામાં મદદ થશે. આના લીધે વસ્તી ગણતરીમાં વિશ્વાસ બંધાશે એને ટેકો વધશે.

# ઉપલબ્ધી

તમારાં જોડાણોથી અમે તમારા સમાજનાં એ લોકો સુધી પહોંચી શકીશું જેમને આમાં ભાગ લેવામાં ટેકાની જરૂરત હોય. તેમનો સમાવેશ કરવામાં આવે છે તેની આનાથી ખાતરી થશે.

# વધારે જાણકારી મેળવો

તમારા સમાજને ટેકો આપવા માટે સાથે મળીને કામ કરવા વિશે વધારે જાણકારી મેળવો.

વસ્તી ગણતરી વિશે અહીંથી વધારે વાંચો **www.census.gov.uk**

વસ્તી ગણતરી અનુસરો **@Census2021**

